**<u>વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત</u>**

**ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી સંચાલિત ઇ.એમ.આર.એસ અને મોડેલ શાળા માટે લાયબ્રેરી સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબત.**

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

**ઠરાવ ક્રમાંક: પરચ-૨૦૧૬-ન.બા.૩૫-ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૬/૦૪/૨૦૧૬

**<u>વંચાણે લીધા</u> :-**

(૧) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગરનો તા.૨૫/૦૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક: ટીડી/ઇ.એમ.આર.એસ/૨૦૧૪/૧૪૨૪/૮૦

**<u>પ્રસ્તાવના</u> :-**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી હસ્તક ૩૦ એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ શાળાઓ, ૪૩ અલ્પ સાક્ષરતા કન્યા નિવાસી શાળા અને ૧૨ મોડેલ શાળા મળી કુલ ૮૫ શાળા કાર્યરત છે. જેમાં વર્ષ ૨૦૧૧-૧૨માં કુલ ૧૮ ઇ.એમ.આર.એસ અને ૧૨ મોડેલ શાળા કાર્યરત હતી.જેમાં લાયબ્રેરીના પુસ્તકો ખરીદી કરીને શાળાઓમાં આપેલ હતા. વર્ષ ૨૦૧૧-૧૨ બાદ ૧૨ નવી ઇ.એમ.આર.એસ શાળા શરૂ કરેલ છે. જેમાં લાયબ્રેરીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ નથી. તેમજ અગાઉ શરૂ કરાયેલ લાયબ્રેરીને પણ અપડેટ કરવાની જરૂરત જણાય છે. જેથી વિધાર્થીઓ પુસ્તકો દ્વારા સામાન્ય જ્ઞાન, બાહ્ય જ્ઞાન મેળવી તેઓના જ્ઞાનમાં વધારો કરી શકે તે માટે અગાઉની ૩૦ શાળાઓની લાયબ્રેરીને અપડેટ કરવા માટે તેમજ ૮ નવી શાળાઓમાં નવી લાયબ્રેરીની ફર્નિચર અને પુસ્તકો સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવવાની નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી સંચાલિત ઇ.એમ.આર.એસ અને મોડેલ શાળા માટે લાયબ્રેરી સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગેની રૂ.30.00 લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

**શરતો:-**

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(3) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૬) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ યોજનાનો જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.એસ, ગાંધીનગર દ્વારા અમલ કરવામાં આવશે. તેમજ જીલ્લાની પ્રાયોજના કચેરી સમયાંતરે સમીક્ષા કરશે.

(૯) આ યોજનાનું મોનીટરીંગ સંલગ્ન વડી કચેરીના પ્રોજેક્ટ કન્સલટન્ટ તથા જીલ્લા કન્સલટન્ટ દ્વારા તથા શાળામાં નિયુક્ત કરવામાં આવેલ શિક્ષક દ્વારા કરવામાં આવશે.

અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: ૮૯, બીસીકે – ૨૩૦ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ નવી બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૧/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

E:\gh-3\G.R.2016-17\PRC-2016-N.B.35-GH-GR.docx

- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ
- સિલેકટ ફાઇલ.